# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-07-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.**

---------------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# SURAT REVIEW MEETING

સુરતમાં વરસાદના કારણે સર્જાયેલી ખાડીપૂરની સ્થિતિની સમીક્ષા કરવા ઉચ્ચસ્તરની બેઠક યોજાઈ. કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, નાણા મંત્રી કનુ દેસાઈ, સાંસદ મુકેશ દલાલ, ધારાસભ્યો સહિત અન્ય પદાધિકારીઓએ આ બેઠકમાં ગત બે દિવસમાં થયેલી કામગીરીની સમીક્ષા કરી હતી. આ અંગે શ્રી સંઘવીએ કહ્યું, વરસાદથી અસરગ્રસ્ત તમામ લોકોને સહાય પહોંચાડશે.

**(BYTE: HARSH SANGHVI, DEPUTY CHIEF MINISTER OF GUJARAT)**

# HM AMIT SHAH VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી ત્રણ દિવસ રાજ્યના પ્રવાસે આવશે. સત્તાવાર યાદી મુજબ, તેઓ આજે સાંજે અમદાવાદ પહોંચશે. ત્યારબાદ આવતીકાલે તેઓ અમદાવાદમાં સામૂહિક વૃક્ષારોપણ અભિયાનના ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહી જાહેરસભાને સંબોધશે. શ્રી શાહ થલતેજ, સરખેજ અને સ્ટેડિયમ વૉર્ડમાં વિવિધ સ્થળ પર વૃક્ષારોપણ કરશે. ત્યારબાદ તેઓ પ્રહલાદનગર વિસ્તારમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ – ABVPના અમીરગઢના કાર્યકર્તા રમણ પટેલના 75-મા જન્મદિવસ સમારોહમાં ઉપસ્થિત રહેશે. ઉપરાંત શ્રી શાહ અમદાવાદમાં અંદાજે 60 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નવનિર્મિત સરકારી આવાસોનું ઇ-લોકાર્પણ કરશે.

તો, સોમવારે 13 તારીખે શ્રી શાહ ગાંધીનગરમાં NFSU પરિસરમાં 11-મી ઇન્ટરપોલ ડિજિટલ ફૉરેન્સિક એક્સપર્ટ ગૃપ – DFEGની બેઠક અને પ્રથમ આંતર-રાષ્ટ્રીય તપાસકર્તા સ્પર્ધા તથા શિખર સંમેલનના ઉદ્ઘાટન સમારોહમાં વિશેષ ઉપસ્થિત રહેશે. ત્યારબાદ બપોરે તેઓ દહેગામમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – APMC દ્વારા નવનિર્મિત શાક બજારના લોકાર્પણ અને અમૃત મહોત્સવમાં ઉપસ્થિત રહેશે. છેવટે અમદાવાદના શાહીબાગ અતિથિગૃહ ખાતે શ્રી શાહ વિવિધ બેઠક પણ યોજશે.

# BK HOSPITAL BHUMIPOOJAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ‘પહેલું સુખ તે જાતે નર્યા’ કહેવતને જીવનમાં અનુસરવા લોકોને અપીલ કરી. બનાસકાંઠામાં વડગામ તાલુકાના તેનીવાડા ખાતે મેડીવંતા હૉસ્પિટલ કૉલેજ અને હૉસ્પિટલ હેલ્થકેર પરિસરના ભૂમિપૂજન કાર્યક્રમને સંબોધતા શ્રી પટેલે કહ્યું, આસપાસના ગામની સાથે અન્ય રાજ્યને પણ આ પરિસરનો લાભ મળશે. તેમજ આ હૉસ્પિટલ માનવસેવાનું ઉત્તમ કેન્દ્ર બનશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો. રાજ્યમાં આજે દર વર્ષે સાત હજાર જેટલા તબીબ મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી હોવાનું પણ શ્રી પટેલે ઉમેર્યું.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

# AMDAVAD RATHYATRA

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાની ભક્તો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ત્યારે સરસપુરમાં ભગવાન જગન્નાથજીના પ્રાચીન જૂના મોસાળ તરીકે ઓળખાતા ભલા ભગતની જગ્યાએ આવેલા રણછોડજી મંદિરે ઐતિહાસિક મામેરાની પરંપરાનું આયોજન કરાયું.

શુભ દેવશયની અગિયારસના પાવન અવસરે આજે ભગવાન જગન્નાથજીના લાખેણા મામેરાંના ભવ્ય દર્શન યોજાયાં. સાત વર્ષ બાદ આ વખતે દવે પરિવાર દ્વારા ભગવાનનું મામેરું કરવામાં આવી રહ્યું છે. ભગવાનને મથુરા-વૃંદાવનના કારીગરો દ્વારા તૈયાર કરાયેલો વિશેષ મુગટ, સુંદર કલાત્મક વાઘાં અને આભૂષણ અર્પણ કરાયા. જ્યારે આ વખતે ભગવાનને રજવાડી મોરપીંછવાળી પાઘ પણ અર્પણ કરાશે. તો, ભગવાનનાં બહેન સુભદ્રાજીને રાણી રંગનાં વાઘાં સાથે પાર્વતી શ્રૃંગાર, નથ, સોના-ચાંદીના આભૂષણ અર્પણ કરાયા. તેમાં ત્રણ સોનાની વિંટી, સોનાનો દોરો, ચાંદીની પાયલ, કંદોરો, ઝૂડો અને વીંછિયા સહિતના આભૂષણનો સમાવેશ થાય છે.

# AMDAVAD RATHYATRA TAIYARI

અમદાવાદમાં આગામી 16 તારીખે યોજાનારી ભગવાન જગન્નાથજીની 149-મી રથયાત્રા નિમિત્તે મહાનગરપાલિકા અને પોલીસ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. રથયાત્રાના સમગ્ર માર્ગ પર જરૂરી કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. તેમજ સુરક્ષા, ટ્રાફિક વ્યવસ્થા અને રથયાત્રા નિર્વિઘ્ને તથા સુગમતાથી પૂર્ણ થાય તે માટે આગોતરું આયોજન કરાયું હોવાનું જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ જણાવ્યું.

(BYTE: MAHENDRA JHA, TRUSTEE,
JAGANNATH MANDIR JAMALPUR)

# MEHSANA RATHYATRA

મહેસાણામાં આંતર-રાષ્ટ્રીય કૃષ્ણ ભાવનામૃત સંઘ – ઇસ્કોન દ્વારા આગામી 16 તારીખે યોજાનારી રથયાત્રાને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ દિવસે ભગવાન શ્રી જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલભદ્રજી સાથે રથમાં સવાર થઈ નગરચર્યાએ નીકળશે અને ભક્તોને સામે ચાલીને દર્શન આપશે. મહેસાણાના અવસર પાર્ટી પ્લોટથી બપોરે અઢી વાગ્યે શરૂ થનારી રથયાત્રા મોઢેરા ચોકડી, બીકે સિનેમા સહિતના માર્ગ પરથી પસાર થઈ ઉમંગ પાર્ટી પ્લોટ ખાતે સંપન્ન થશે. રથની સાથે વિવિધ ઝાંખીઓ પ્રદર્શિત કરાશે. જ્યારે ભક્તોને બે હજાર કિલો બુંદીનો અને 2 હજાર કિલો ખીચડીના પ્રસાદનું વિતરણ કરાશે.